**Paper Code – 4004**

## M.A. Sem – 3 GUJARATI (New Course)
## Mar-Jun - 2021
## EC-304 – તુલનાત્મક સાહિત્ય (Theory)

**કુલ સમય :– ૬૦ મીનીટ    કુલ પ્રશ્નો : ૫૦    વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

**નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.**

૧. સાહિત્યના સામ્ય-ભેદ ચકાસીને અધ્યયન કરવાની પ્રવૃત્તિને શું કહે છે ?
(અ) તુલનાત્મક અધ્યયન (બ) પુનઃકથન (ક) ભાષાંતર (ડ) વ્યાપક સાહિત્ય

૨. ‘ COMPARATIVUS’ શબ્દ મૂળ કઈ ભાષામાંથી આવ્યો છે ?
(અ) જાપાની (બ) લેટીન (ક) રશિયન (ડ) અંગ્રેજી

૩. તુલનાત્મક સાહિત્યને અંગ્રેજીમાં શું કહેવાય છે ?
(અ) LITERATURE (બ) WORLD LITERATURE (ક) SPIRITUAL LITERATURE (ડ) COMPARATIVE LITERATURE

૪. અંગ્રેજી ભાષાના કયા શબ્દ ઉપરથી ‘COMPARATIVE’ એવું વિશેષણ બન્યું ?
(અ) COMPARE (બ) COMPANY (ક) CO OPRATION (ડ) COMPITITION

૫. ફ્રેંચ ભાષામાં તુલનાત્મક સાહિત્ય માટે કયો શબ્દ વપરાય છે ?
(અ) COMPARATIVE LITERATURE (બ)WORLD LITERATURE (ક)LITERATURE COMPAREE (ડ) LITERATURE

૬. કયા પ્રકારના અધ્યયનમાં બે સાહિત્ય વચ્ચે તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે છે ?
(અ) વિશ્વ સાહિત્ય (બ) પ્રાદેશિક સાહિત્ય (ક) લોકસાહિત્ય (ડ) તુલનાત્મક સાહિત્ય

૭. જર્મનીમાં તુલનાત્મક સાહિત્યને શેનો મોભો આપી, તેનું શાસ્ત્રીય સ્વરૂપ સમજાવ્યું છે ?
(અ) વિજ્ઞાન (બ) શાસ્ત્રીય અધ્યયન (ક) કળા (ડ) નૃવંશશાસ્ત્ર

૮. ‘તુલનાત્મક સાહિત્યાભ્યાસ એટલે એક સાહિત્યની બીજા એક કે અનેક સાહિત્ય સાથેની તુલના’ – આ વ્યાખ્યા કોણે આપી છે?
(અ) નર્મદ (બ) રવીન્દ્રનાથ ટાગોર (ક) હેન્રી રીમાર્ક (ડ) શેક્સપીયર

૯. તુલનાત્મક સાહિત્ય સ્વરૂપના મૂળ ઉદગાતા કોણ છે ?
(અ) વર્ડઝવર્થ (બ) મેથ્યુ આર્નોલ્ડ (ક) માર્ટીન લ્યુથર (ડ) શેક્સપીયર

૧૦. અસર, સાદ્રશ્ય, પરમ્પરા- આ બાબતોનો અભ્યાસ કયા સાહિત્ય પ્રકારમાં થાય છે ?
(અ) લોકસાહિત્ય (બ) જાનપદી સાહિત્ય (ક) વિશ્વ સાહિત્ય (ડ) તુલનાત્મક સાહિત્ય

૧૧. ૧૮૮૪ માં કયા અંગ્રેજ કવિએ પત્રમાં સૌ પ્રથમ કમ્પેરેટીવ લિટરેચર શબ્દ પ્રયોજ્યો ?
(અ) મેથ્યુ આર્નોલ્ડ (બ) વર્ડઝવર્થ (ક) શેક્સપીયર (ડ) માર્ટીન લ્યુથર

૧૨. તુલનાત્મક સાહિત્યમાં અસરોના અભ્યાસમાં કેટલા બિંદુઓ મહત્વનાં છે ?
(અ) પાંચ (બ) સાત (ક) ત્રણ (ડ) આઠ

૧૩. તુલનાત્મક અસરોના અભ્યાસમાં જે કર્તા કે કૃતિની અસરો બીજા કર્તા કે કૃતિ ઉપર પડતી હોય તેને કયો પક્ષ કહે છે?
(અ) અપક્ષ (બ) વિપક્ષ (ક) પ્રેષક પક્ષ (ડ) મધ્યસ્થ પક્ષ

૧૪. કોના માટે અનુવાદની પ્રવૃત્તિ અતિ મહત્વની છે ?
(અ) તુલનાવાદી માટે (બ) સામ્યવાદી માટે (ક) સમાજવાદી માટે (ડ) સંરચનાવાદી માટે

૧૫. કોણે અનુવાદકને ‘સંસ્કૃતિનો એલચી’ કહ્યો છે ?
(અ) રવીન્દ્રનાથ ટાગોર (બ) કવિ કાન્ત (ક) કાકાસાહેબ કાલેલકર (ડ) સુન્દરમ

૧૬. દ્વિ-સાંસ્કૃતિક જાણકારી તુલનાવાદી માટે ખુબ જરૂરી છે, તેમ કોણે કહ્યું છે ?
(અ) એડવીન મ્યુર (બ) એઝરા પાઉન્ડ (ક) ડેવિડ લોજે (ડ) લડવીન બોર્ગ

૧૭. કોણે અનુવાદની મહત્તા સ્વીકારી અને સ્વીકારાવી છે ?
(અ) લડવીન બોર્ગ (બ) એઝરા પાઉન્ડ (ક) શેક્સપીયર (ડ) ક્રોંચે

૧૮. પ્રેષક પક્ષની અસરોને પ્રવાસીઓ, પ્રચારકો કે બીજા પક્ષ સુધી કયો પક્ષ પહોચાડે છે ?
(અ) વિપક્ષ (બ) મધ્યસ્થ પક્ષ (ક) પ્રતિપક્ષ (ડ) પ્રેષક પક્ષ

૧૯. કયા અનુવાદકે અનુવાદને ‘શૈલીવ્યાયામ’ તરીકે ઓળખાવ્યો છે ?
(અ) એઝરા પાઉન્ડ (બ) લડવીન માથુર (ક) શેક્સપીયર (ડ) લડવીન બોર્ગ

૨૦. ‘માનવીની ભવાઈ’ નવલકથાને ક્યાં વરસે જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો હતો ?
(અ) ઈ.સ. ૧૯૮૬ (બ) ઈ.સ. ૧૯૯૨ (ક) ઈ.સ ૧૯૮૫ (ડ) ઈ.સ. ૧૯૮૮

૨૧. ‘માનવીની ભવાઈ’ નવલકથાના લેખક કોણ છે ?
(અ) ચુનીલાલ મડિયા (બ) પન્નાલાલ પટેલ (ક) નવલરામ (ડ) ગોવર્ધનરામ ત્રિપાઠી

૨૨. વિવેચનનું પણ વિવેચન કરવાની પ્રવૃત્તુમાં કોણ જોતરાય છે ?
(અ) સામ્યવાદી (બ) અસ્તિત્વવાદી (ક) ગાંધીવાદી (ડ) તુલનાવાદી

૨૩. ‘માનવીની ભવાઈ’ નવલકથામાં કુલ કેટલા પ્રકરણ છે ?
(અ) ૩૨ (બ) ૪૫ (ક) ૩૮ (ડ) ૨૩

૨૪. ‘માનવીની ભવાઈ’ નવલકથામાં ભવાઈનો એક અર્થ શું છે ?
(અ) મિલકત (બ) જમીન (ક) ઘર (ડ) ઝવેરાત

૨૫. માનવીની ભવાઈ નવલકથાના ૨૬ મા પ્રકરણનું નામ શું છે ?
(અ) માલીનું ભૂત (બ) પરથમીનો પોથી (ક) વધામણી (ડ) ભણકારા

૨૬. ‘તુલનાવાદી અનુવાદના અભ્યાસો દ્વારા જે શક્યતા ઊભી થાય છે તે સાહિત્યને શેના તરફ લઇ જાય છે ?
(અ) લિટરેચર (બ) અનુવાદ (ક) મેટા- લિટરેચર (ડ) તુલનાત્મક સાહિત્ય
૨૭. ‘માનવીની ભવાઈ’ માં શેનું આલેખન થયું છે ?
(અ) અતિવૃષ્ટિ (બ) છપ્પનીયો દુકાળ (ક) તુલસીક્યારો (ડ) ઘરસંસાર
૨૮. ‘માનવીની ભવાઈ’ નવલકથાનો નાયક કોણ છે ?
(અ) અનિકેત (બ) રાજુ (ક) સત્યકામ (ડ) કાળુ
૨૯. આમાંથી કઈ નવલકથા કાળપ્રધાનતરીકે ઓળખાય છે ?
(અ) સરસ્વતીચંદ્ર (બ) માનવીની ભવાઈ (ક) વેવિશાળ (ડ) ભાંગ્યાના ભેરુ
૩૦ . ‘ગુડ અર્થ’ નવલકથાના સર્જક કોણ છે ?
(અ) એડવીન મ્યુર (બ) શેક્સપીયર (ક) પર્લ બક (ડ) ચેતન ભગત
૩૧. આમાંની કઈ નવલકથાને નોબેલ પુરસ્કાર પ્રાપ્ત થયો છે ?
(અ) ઓથેલો (બ) આઉટ સાઈડર (ક) મેકબેથ (ડ) ગુડ અર્થ
૩૨. ‘ગુડ અર્થ’ નવલકથા કયા વરસમાં પ્રગટ થઇ હતી ?
(અ) ઈ.સ. ૧૯૩૩ (બ) ઈ.સ. ૧૯૩૧ (ક) ઈ.સ. ૧૯૪૩ (ડ) ઈ.સ. ૧૯૨૩
૩૩. ‘ગુડ અર્થ’ નવલકથાનો નાયક કોણ છે ?
(અ) માર્ટીન (બ) ક્રિશ (ક) વેંગ લિંગ (ડ) ડેનિયલ
૩૪. ‘ગુડ અર્થ’ નવલકથાનો ગુજરાતી અનુવાદ કોણે કર્યો છે ?
(અ) રઘુવીર ચૌધરી (બ) ભોળાભાઈ પટેલ (ક) મણીલાલ પટેલ (ડ) નવનીત મદ્રાસી
૩૫. ‘ગુડ અર્થ’ નવલકથા કુલ કેટલા પૃષ્ઠમાં વિસ્તૃત છે ?
(અ) ૧૫૯ (બ) ૧૫૭ (ક) ૧૫૫ (ડ) ૧૬૮
૩૬. ‘ગુડ અર્થ’ નવલકથા કુલ કેટલાં પ્રકરણોમાં વિભાજીત છે ?
(અ) ૩૪ (બ) ૫૮ (ક) ૪૩ (ડ) ૩૭
૩૭. ‘માનવીની ભવાઈ’ નવલકથામ કોની પ્રણયકથાનું આલેખન છે ?
(અ) જીગર અને અમી (બ) કાનજી અને જીવી (ક) કાળુ અને રાજુ (ડ) પ્રમાદધન અને કુસુમ
૩૮. અંગ્રેજી નવલકથાકાર પર્લ બકે કઈ યુનિવર્સીટીમાં અધ્યાપનકાર્ય કર્યું છે ?
(અ) ઓક્સફર્ડ યુનિવર્સીટી (બ) યુનિવર્સીટી ઓફ એશિયા
(ક) મુંબઈ યુનિવર્સીટી (ડ) નાન્કિંગ યુનિવર્સીટી
૩૯. ‘ગુડ અર્થ’ નવલકથાને નોબેલ પુરસ્કાર સાથે બીજો કયો પુરસ્કાર મળ્યો ?
(અ) પુલિત્ઝર (બ) જ્ઞાનપીઠ પુરસ્કાર (ક) સરસ્વતી સાધના (ડ) ગ્રેટ નોવેલીસ્ટ
૪૦. ‘ગુડ અર્થ’ નવલકથાના કયા ભાગમાં દુષ્કાળનું વર્ણન આવે છે ?
(અ) પૂર્વાર્ધમાં (બ) મધ્ય ભાગમાં (ક) ઉત્તરાર્ધમાં (ડ) અંતમાં
૪૧. ‘ગુડ અર્થ; નવલકથામાં વેંગ લીંગની પત્નીનું નામ શું છે ?
(અ) ઓલાન (બ) આવરીંગ (ક) લી-તાઓ (ડ) સેન્ટ મેરી
૪૨. કઈ નવલકથામાં ઋતુચક્રના ઉતાર-ચડાવ સામે લડતાં એક ચીની ખેડું દંપત્તીના જીવન સંઘર્ષને સંવેદનાની તીવ્રતા સાથે નિરૂપવામાં આવ્યો છે ?
(અ) ગુડ અર્થ (બ) ધી મધર (ક) ડ્રેગન સીડ (ડ) ફાધર એન્ડ સન્સ
૪૩. લેખિકા પર્લ બકનું મોટાભાગનું જીવન કયા દેશમાં વીત્યું હતું ?
(અ) આફ્રિકા (બ) અમેરિકા (ક) જાપાન (ડ) ચીન
૪૪. ‘માનવીની ભવાઈ’ માં કયા પ્રદેશની કથાનું નિરૂપણ છે ?
(અ) સાબરકાંઠા (બ) ચરોતર (ક) કચ્છ (ડ) મહીસાગર
૪૫. ‘માનવીની ભવાઈ’ નવલકથામાં ખલપાત્ર કોણ છે ?
(અ) રાજુ (બ) ગુમાન (ક) માલી ડોશી (ડ) કાળિયો
૪૬. “ભુખથીય ભૂંડી ભીખ છે ભૂખ તો હાડમાંસ ગાળી નાંખે પણ..”આ વાક્ય કોણ બોલે છે ?
(અ) જમના (બ) માલી ડોશી (ક) રાજુ (ડ) કાળુ
૪૭. ‘માનવીની ભવાઈ’ માં કાળુના પિતા કોણ છે ?
(અ) રણછોડ (બ) કોદર (ક) વાલજી પટેલ (ડ) પરમો પટેલ
૪૮. ‘કાકાને ખોળે’, ‘ગોટાળો’, ‘ડંખ’, ‘ભણકારા’ જેવાં પ્રકરણો કઈ નવલકથાના છે ?
(અ) કરણઘેલો (બ) લાંછન (ક) માનવીની ભવાઈ (ડ) ભાંગ્યાના ભેરુ
૪૯. કયા સાહિત્યનુ કાર્યક્ષેત્ર માત્ર કલ્પનાપ્રધાન સર્જનાત્મક કૃતિઓ પુરતું સીમિત ન રહી સાહિત્યમીમાંસા અને વિવેચનની તુલના સુધી વિસ્તરે છે ?
(અ) વિશ્વ સાહિત્ય (બ) તુલનાત્મક સાહિત્ય (ક) લોકસાહિત્ય (ડ) પ્રાદેશિક સાહિત્ય
૫૦. તુલનાત્મક સાહિત્યની કાર્યક્ષેત્ર મર્યાદામાં કેટલી બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે ?
(અ) એક (બ) પાંચ (ક) ત્રણ (ડ) ચાર